દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૩ જાન્યુઆરી, ૨૦૨૬

# તારીખ પે તારીખ... ક્યારે ન્યાય મળશે? દેશની વિવિધ કોર્ટોમાં 5.41 કરોડ કેસ પેન્ડિંગ!

તારીખ પે તારીખ... જો ન્યાય ઝડપથી મળે તો જ તેનો અર્થ હોય છે. મોડેથી મળતો ન્યાય એ ન્યાય નથી રહેતો. વિલંબ ન્યાયના ખરા હકદારને તેનો હક આપતો નથી. આ સત્ય હકીકત હોવા છતાં પણ હાલમાં દેશમાં એવી સ્થિતિ છે કે અદાલતોમાં 5.41 કરોડ કેસ પેન્ડિંગ છે. જો આટલા બધા કેસ પેન્ડિંગ હોય તો સમયસર ન્યાય મળવાની આશા ધુંધળી થઈ જાય છે. આટલા બધા કેસને કારણે બંધારણીય સંકટની સ્થિતિ પેદા થઈ જવા પામી છે. આટલા બધા કેસ એ ન્યાયતંત્ર માટે મોટો પડકાર પણ છે. ગત તા.28મી ડિસે., 2025 સુધીમાં નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડના ડેટા મુજબ, નીચલી અદાલતો, હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટમાં કુલ 54.1 મિલિયન કેસ પેન્ડિંગ છે. દેશની નીચલી અદાલતોમાં 47.6 મિલિયન કેસ પેન્ડિંગ છે. જેમાંથી 36. મિલિયન કેસ ફોજદારી બાબતોના છે. જ્યારે બાકીના કેસ સિવિલ કેસ છે.

જો કેસની સંખ્યા જોવા જઈએ તો યુપીની નીચલી અદાલતોમાં 11.6 મિલિયન કેસ પેન્ડિંગ છે. જ્યારે દિલ્હીની નીચલી અદાલતોમાં 15.85 લાખ કેસ પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટમાં 91892 કેસ પેન્ડિંગ છે. રાજ્યની હાઈકોર્ટોમાં 63.67 લાખ કેસ પેન્ડિંગ છે. જેમાંથી 19.1 લાખ કેસ ફોજદારી અને 44.65 લાખ કેસ સિવિલ બાબતોના છે. જોકે, આ પેન્ડિંગ કેસની સાથે સાથે સુપ્રીમ કોર્ટમાં 1, હાઈકોર્ટોમાં 297 અને નીચલી કોર્ટમાં 4855 જેટલી ન્યાયાધીશની જગ્યા ખાલી છે. જ્યારે આટલી બધી જગ્યાઓ ખાલી હોય તો પેન્ડિંગ કેસની સંખ્યા વધે તે સ્વાભાવિક છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ જે કેસ પેન્ડિંગ છે તેમાં મોટો ભાગ ખાસ રજા અરજીઓનો છે. જે સેવા બાબતો, જમીન વિવાદો અને સામાન્ય નાગરિક અને ફોજદારી અપીલોને સંબંધિત છે. ખરેખર આ કેસનો નિકાલ હાઈકોર્ટ સ્તરે જ થવો જોઈએ. સુપ્રીમ કોર્ટ દ્વારા જો ચાર દિશામાં ચાર કાયમી ઝોનલ બેન્ચની સ્થાપના કરવામાં આવે તો કેસની સંખ્યા જરૂરથી ઘટાડી શકાય તેમ છે. જો તેમ થાય તો અરજદારને નજીકમાં જ સુપ્રીમ કોર્ટનો લાભ મળી શકે તેમ છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે જ્યારે શપથ લીધા ત્યારે જ તેમણે તેમની પ્રાથમિકતા કેસના ભરાવાના ઘટાડવાની જણાવી હતી.

દેશની અદાલતોમાં મોટાપાયે કેસોના ભરાવા પાછળ જજોની ઓછી સંખ્યાની સાથે સાથે કેટલાક એવા પણ મહત્વના મુદ્દા છે કે જો તેની પર ધ્યાન આપવામાં આવે તો ઉકેલ આવી શકે તેમ છે. જો દિવસની સાથે ઈવનિંગ કોર્ટ પણ શરૂ કરવામાં આવે તો કેસનો ઝડપથી નિકાલ કરી શકાય તેમ છે. સાથે સાથે જ્યાં જરૂરી નહીં હોય ત્યાં વિડીયો કોન્ફરન્સથી સુનાવણી કરવામાં આવે તો પણ સુનાવણી ઝડપથી થઈ શકે તેમ છે. આ ઉપરાંત શહેરો અને ગ્રામ્ય વિસ્તારોની કોર્ટોમાં જે કેસની સંખ્યાની વિસંગતતાઓ છે તે સંદર્ભે પણ નિર્ણયો લેવાની જરૂરીયાત છે. શહેરોની કોર્ટોમાં કેસોની સંખ્યા ખૂબ હોય છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારની કોર્ટોમાં કેસોની સંખ્યા ખૂબ ઓછી હોય છે. જો દરેક કોર્ટમાં કેસની સંખ્યા સરખી રાખવામાં આવે. જ્યાં જરૂરી છે ત્યાં નવી કોર્ટ ખોલવામાં આવે અને જ્યાં કેસ ઓછા છે ત્યાં કોર્ટ બંધ કરવામાં આવે તો કેસોના નિકાલને સરળ બનાવી શકાય તેમ છે. કોર્ટમાં કેસ પ્રમાણે ટાઈમ શિડ્યુઅલ પણ નક્કી કરી શકાય તેમ છે. જેથી પક્ષકારો અને વકીલો તે જ સમયે તે કોર્ટમાં હાજર રહે. આમ કરવામાં આવે તો પણ સુનાવણીને ઝડપી બનાવી શકાય તેમ છે.

# મુંબઈનું મહાયુદ્ધ અને પ્રિયંકા અને- શું કોંગ્રેસની ‘એકલા ચલો’ની નીતિ ડૂબતી નાવને બચાવી શકશે?

ફાલ્ગુનિ આસર

**શું પ્રિયંકા ગાંધી માત્ર ઉત્તર ભારતમાં અથવા દક્ષિણમાં મર્યાદિત રહેશે? ના, મહારાષ્ટ્ર અને ખાસ કરીને મુંબઈની આગામી BMC ચૂંટણીમાં પ્રિયંકા ગાંધીનો ઉપયોગ ‘સ્ટાર પ્રચારક’તરીકે કરવાની કોંગ્રેસની યોજના છે**

નવું વર્ષ 2026 શરૂ થતાની સાથે ભારતીય રાજનીતિમાં સમીકરણો જે ઝડપે બદલાઈ રહ્યા છે, તે જોઈને લાગે છે કે આગામી આખું વર્ષ અને ખાસ કરીને મુંબઈ મહાનગરપાલિકા (BMC) ની ચૂંટણીઓ દેશની ભવિષ્યની રાજનીતિની દિશા નક્કી કરશે. તાજેતરની રાજકીય હલચલની વાત કરીએ તો, પ્રિયંકા ગાંધી વાડ્રાનું વધતું કદ, કોંગ્રેસની બદલાતી રણનીતિ અને ભાજપનો અજેય ગઢ તોડવાના પ્રયાસો પર એક વિશ્લેષણ જોઈએ. આ લેખમાં ભારતના હાલના રાજકીય ગણિતને સમજીશું.

પહેલા વાત પ્રિયંકા ગાંધીની. શું પ્રિયંકા હવે કોંગ્રેસની નવી ‘સંજીવની’બનશે? લાંબા સમય સુધી પડદા પાછળ રહીને રણનીતિ બનાવનાર પ્રિયંકા ગાંધી હવે સક્રિય સંસદીય રાજનીતિમાં આવી ગયા છે. વાયનાડની પેટાચૂંટણીમાં ભવ્ય વિજય બાદ સંસદમાં તેમની હાજરીએ કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ ભર્યો છે. પ્રિયંકા ગાંધીમાં લોકો ઈન્દિરા ગાંધીની છબી જુએ છે. તેમની બોલવાની શૈલી, લોકો સાથે જોડાવાની રીત અને વિપક્ષ પર પ્રહાર કરવાની ધાર રાહુલ ગાંધી કરતા અલગ અને વધુ પ્રભાવશાળી દેખાઈ રહી છે.

પરંતુ સવાલ એ છે કે શું પ્રિયંકા ગાંધી માત્ર ઉત્તર ભારતમાં અથવા દક્ષિણમાં મર્યાદિત રહેશે? ના, મહારાષ્ટ્ર અને ખાસ કરીને મુંબઈની આગામી BMC ચૂંટણીમાં પ્રિયંકા ગાંધીનો ઉપયોગ ‘સ્ટાર પ્રચારક’તરીકે કરવાની કોંગ્રેસની યોજના છે. રાહુલ ગાંધી જ્યારે વિચારધારાની લડાઈ લડી રહ્યા છે, ત્યારે પ્રિયંકા ગાંધી જમીની સ્તરના કાર્યકરોને એકઠા કરવાની ક્ષમતા ધરાવે છે. નવેમ્બર 2025 માં બિહાર વિધાનસભા ચૂંટણીમાં મહાગઠબંધનની જે રીતે હાર થઈ, તેનાથી કોંગ્રેસના નેતૃત્વ પર ફરી સવાલો ઉભા થયા છે. તેજસ્વી યાદવ સાથેની યુતિ છતાં ભાજપ-જેડીયુ (NDA)ના ક્લીન સ્વીપે સાબિત કર્યું કે માત્ર ગઠબંધન કરવાથી જીત મળતી નથી. આ હાર બાદ કોંગ્રેસની અંદર એક એવો વર્ગ ઊભો થયો છે જે માને છે કે હવે પ્રિયંકા ગાંધીને વધુ મોટી જવાબદારી સોંપવી જોઈએ.

રાહુલ ગાંધીની ‘વૉટ અધિકાર યાત્રા’ભલે ભીડ ભેગી કરતી હોય, પણ તે મતમાં પરિવર્તિત કેમ નથી થતી? આ પ્રશ્ન બિહારની હાર બાદની ચર્ચાનો મુખ્ય વિષય રહ્યો છે. આ સંજોગોમાં પ્રિયંકા ગાંધીની ભૂમિકા નિર્ણાયક બની જાય છે.

આ બાજુ દેશની સૌથી મોટી મહાનગરપાલિકા (BMC) ચૂંટણીમાં કોંગ્રેસનો ‘એકલા ચલો’નો જુગાર ફળશે?

મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડી (MVA) હોવા છતાં, કોંગ્રેસના નેતા રમેશ ચેન્નીથલાએ જાહેરાત કરી છે કે કોંગ્રેસ મુંબઈમાં BMC ચૂંટણી એકલા હાથે લડશે. આ એક મોટો રાજકીય જુગાર છે.

આ નિર્ણય પાછળનું રાજકીય ગણિત શું હોય શકે? પોતાનું અસ્તિત્વ ટકાવવાની લડાઈ એ સૌથી મોટુ પરિબળ છે. મુંબઈમાં કોંગ્રેસનો એક મોટી પરંપરાગત વોટબેંક (ઉત્તર ભારતીયો અને લઘુમતીઓ) છે. ઉદ્ધવ ઠાકરે સાથે રહેવાથી કોંગ્રેસને ડર છે કે તેનો મૂળ વોટર તેનાથી દૂર જઈ શકે છે. બીજું સીટ શેરિંગનો વિવાદઃ ઉદ્ધવ ઠાકરેની સેના (UBT) મુંબઈમાં મોટા ભાઈની ભૂમિકા ભજવવા માગે છે, જે કોંગ્રેસને મંજૂર નથી. ત્રીજું, રાજ ઠાકરે ફેક્ટરઃ ઉદ્ધવ અને રાજ ઠાકરે જે રીતે નજીક આવી રહ્યા છે, તેનાથી ગઠબંધનમાં અવિશ્વાસ વધ્યો છે. ચોથું, ભાજપનું ‘ત્રિશૂળ’- મોદી, શાહ અને યોગી. પાંચમું, ઠાકરે ભાઈઓની યુતિ એક નવો પડકાર છે. મુંબઈની રાજનીતિમાં સૌથી મોટો વળાંક ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેનું એક થવું છે. જો આ બંને ભાઈઓ ‘મરાઠી માનુષ’ના મુદ્દે સાથે લડે છે, તો તે ભાજપ અને કોંગ્રેસ બંને માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. આ યુતિ મરાઠી વોટ્સને વિભાજિત થતાં રોકશે. જોકે, કોંગ્રેસ માને છે કે જો ઠાકરે ભાઈઓ સાથે લડે તો બિન-મરાઠી વોટ્સ સીધા કોંગ્રેસ કે ભાજપ તરફ વળશે.

બીજી તરફ ભાજપ પોતાની પૂરી તાકાત મુંબઈ પર લગાવી રહ્યું છે. પીએમ મોદીનો ક્રેઝ, અમિત શાહનું સંગઠન કૌશલ્ય અને હવે સીએમ યોગી આદિત્યનાથની ‘હિન્દુત્વ’બ્રાન્ડનો ઉપયોગ મુંબઈમાં વધી રહ્યો છે. ભાજપનો હેતુ સ્પષ્ટ છેઃ મુંબઈને ઠાકરે પરિવારના પ્રભાવમાંથી મુક્ત કરવું અને આર્થિક રાજધાની પર સંપૂર્ણ કબજો મેળવવો. સીએમ યોગીની રેલીઓ મુંબઈના ઉત્તર ભારતીય વિસ્તારોમાં (જેમ કે ઘાટકોપર, મુલુંડ, કાંદિવલી) ભાજપ માટે વોટનું ધ્રુવીકરણ કરવામાં મદદરૂપ સાબિત થાય છે. ભાજપ હવે પરિવારવાદના મુદ્દાને પ્રિયંકા ગાંધી સામે હથિયાર બનાવશે.

તો, શું કોંગ્રેસની રણનીતિ સાચી છે? કોંગ્રેસનું એકલા લડવું એ એક રીતે ‘ડુ ઓર ડાઈ’(કરો યા મરો) ની સ્થિતિ છે. જો કોંગ્રેસ BMCમાં સારું પ્રદર્શન કરશે, તો 2029ની લોકસભામાં પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસનો દબદબો વધશે. પરંતુ જો પરિણામો ખરાબ રહ્યા, તો MVAમાં તેમનું સ્થાન નબળું પડશે. કોંગ્રેસ અત્યારે દ્વિધામાં છે. એક તરફ તે ‘ઈન્ડિયા’ગઠબંધન મજબૂત કરવાની વાતો કરે છે, અને બીજી તરફ સ્થાનિક સ્તરે એકલા લડવા માગે છે. આ વિરોધાભાસ મતદારોને મુંઝવણમાં મૂકી શકે છે. પ્રિયંકા ગાંધીએ માત્ર રેલીઓ કરવાથી આગળ વધીને સંગઠનને મજબૂત કરવું પડશે. મુંબઈ એ પૈસા અને પાવરનું કેન્દ્ર છે, અને અહીં ભાજપના સાધનો (રિસોર્સીસ) સામે લડવું કોંગ્રેસ માટે લોઢાના ચણા 2026ની સવાર કોની હશે?: મુંબઈનું મહાયુદ્ધ માત્ર એક મહાનગરપાલિકાની ચૂંટણી નથી, પણ 2029ના સેમીફાઈનલ સમાન છે. પીએમ મોદી અને અમિત શાહ માટે મુંબઈ જીતવું એ અસ્મિતાનો સવાલ છે, જ્યારે પ્રિયંકા અને રાહુલ માટે તે પુનરાગમનનો રસ્તો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## મંઝિલને નજર સામે રાખો



એડવોકેટ નિશિકાંત હમણાં જ કેસની પેરવી કરીને કોર્ટરૂમની બહાર નીકળ્યા, તેમનું ધ્યાન બારણા પાછળ છુપાઈને જજની ખુરશી તરફ જોતી પોતાની દીકરી શિપ્રા પર પડ્યું. તેમણે શિપ્રા પાસે જઈને કહ્યું, ‘અરે દીકરા તું અહીં છુપાઈને શું જુએ છે અને તારી પરીક્ષા નજીક છે, તારે ભણવાનું નથી?’ એડવોકેટ નિશિકાંતની દીકરી શિપ્રા એલએલએમ થઈ અને હવે જજ બનવાની પરીક્ષા આપી રહી હતી અને તેની પરીક્ષા નજીક જ હતી. તે બોલી, ‘પપ્પા, પરીક્ષા તો નજીક છે.’ એડવોકેટ નિશિકાંત થોડા ગુસ્સામાં બોલ્યા, ‘તને ખબર છે પરીક્ષા નજીક છે તો પછી તું અહીં કોર્ટમાં આવીને કોર્ટરૂમના બારણા પાછળ ઊભી રહીને અંદર શું જોઈ રહી છે? આમ શું કામ સમય બરબાદ કરે છે? તું એલએલબી એલએલએમ ભણેલી છે. કોર્ટમાં કેટલી બધી વાર આવી ચૂકી છે તારા માટે આ કોર્ટ અને આ કોર્ટરૂમ કોઈ નવી વાત નથી તો પછી અહીંયા આવીને સમય વગાડવાનો અર્થ શું?’

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

શિપ્રા બોલી, ‘પપ્પા હું પરીક્ષાની તૈયારી તો પૂરેપૂરી લગન સાથે કરું છું, કોઈ જ કચાશ રાખતી નથી, પણ જ્યારે પણ મનને એમ થાય કે બહુ અઘરું છે કે બહુ મહેનત કરવી પડે છે કે મગજ થાકી ગયું છે ત્યારે હું અહીં કોર્ટરૂમમાં આવી જાઉં છું અને આ બારણા પાછળથી શાંતિથી છુપાઈને પેલી જજની ખુરશીને જોયા કરું છું અને એ જજની ખુરશી જોઇને મારા મન અને મગજને સમજાવું છું કે આ મારી મંઝિલ છે હું જો અત્યારે થાક્યા વિના, અટક્યા વિના મહેનત કરીશ તો થોડા જ વખતમાં આવી એક ખુરશી પર હું ન્યાયાધીશ બનીને બેઠી હોઈશ. બસ મારી મંઝિલને હું નજર સામે જોઉં છું અને મને ફરી મહેનત કરવાનું, ફરી વધુ મહેનત કરવાનું જોમ ચડે છે. શિપ્રાનો જવાબ સાંભળીને નિશિકાંત ચૂપ થઈ ગયા અને દીકરીને વ્હાલથી ભેટી પડ્યા.

જીવનમાં સફળ થવું હોય ને તો આ જ રીતે લગનથી મહેનત કરો, પ્રયત્ન કરો, મુશ્કેલીઓ સામે લડો અને તમારી મંઝિલને તમારી નજર સામે રાખો. મંઝિલને એક ક્ષણ માટે પણ ભૂલો નહીં, તેને ઘડી ઘડી ફરી ફરી જોતા રહો તો તમને મહેનત કરવાની વધુને વધુ તાકાત મળશે અને તમે વધુ મહેનત કરી સફળ થઈ શકશો. કોઇપણ મંઝિલ મેળવી શકશો.

# એ પણ ભારતીય છે એ ક્યારે સમજીશું?

દેહેરાદૂનમાં ત્રિપુરાના ૨૪ વર્ષીય યુવાન અંજેલ ચકમાની હત્યાના મામલે વિવાદ અને આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ઘટનામાં વંશીય ટિપ્પણી અને સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ ઘટના ૯ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ દહેરાદૂનના સેલાકુઈ વિસ્તારમાં બની હતી. એમબીએ કરી રહેલા અંજેલ ચકમા અને તેનો ભાઈ માઈકલ કરિયાણું લેવા ગયા હતા. ત્યાં હાજર કેટલાક યુવકોએ તેમના પર કથિત રીતે વંશીય ટિપ્પણીઓ (જેમ કે ‘ચિન્કી’, ‘ચાઈનીઝ’) કરી હતી. જ્યારે અંજેલે આનો વિરોધ કર્યો અને કહ્યું કે “અમે ભારતીય છીએ”, ત્યારે તેના પર છરી અને કડા વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘાયલ અંજેલનું ૧૭ દિવસ સુધી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ અવસાન થયું.

આ હેટ ક્રાઈમ છે અને આ બનાવ પછી ઈશાન ભારતની એક યુવતીએ એક વિડીયો સોશ્યલ મીડિયામાં વહેતો કરેલો અને એમાં એ બહુ દર્દથી જણાવે છે કે, અમે ક્યાં સુધી અમારી જાતને પુરવાર કરતાં રહીશું કે, અમે ભારતીય છીએ. ભારતનાં લોકોની માનસિકતા કેમ બદલાતી નથી? મને તો લાગે છે મારે મારાં સંતાનોને અમારા પ્રદેશથી બહાર ના જવું એવી સલાહ આપવી પડશે. પોલીસે આ બનાવમાં ૬ માંથી ૫ આરોપીઓની ધરપકડ કરી છે, પરંતુ મુખ્ય આરોપી યજ્ઞરાજ અવસ્થી નેપાળ ભાગી ગયો હોવાની શંકા છે.આ ઘટનાના રાજકીય પડઘા પણ પડ્યા છે. આસામના સીએમ હિમંતા બિસ્વા સરમા અને ત્રિપુરાના પૂર્વ શાહી વંશજ પ્રદ્યોત દેબબર્માએ આ ઘટનાની સખત નિંદા કરી છે. પ્રદ્યોત દેબબર્માએ મુખ્ય આરોપીને પકડવા માટે ૧૦ લાખ રૂપિયાના ઈનામની પણ જાહેરાત કરી છે. સોશ્યલ મીડિયા પર »JusticeForAnjelChakma ટ્રેન્ડ થઈ રહ્યો છે અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. આપણે ત્યાં કોમી હિંસાની સમસ્યા છે જ, એમાં આ બનાવે નવી સમસ્યા સર્જી છે. એને ગંભીરતાથી લેવાની જરૂર છે.

**રાજકોટમાં રિજિયોનલ વાયબ્રન્ટ મીટ, અનોખી પહેલ**

દેશમાં સૌથી પહેલાં વાયબ્રન્ટ મીટની શરૂઆત નરેન્દ્ર મોદીએ કરી હતી. ત્યારે તેઓ ગુજરાતમાં મુખ્યમંત્રી હતા. આ મીટની સફળતા બાદ દેશનાં મોટા ભાગનાં રાજ્યોએ આ જ પ્રકારે વાયબ્રન્ટ મીટ યોજવાનું શરૂ કર્યું. અલબત્ત ગુજરાત જેટલી સફળતા બહુ ઓછાં રાજ્યોને મળી પણ ઔદ્યોગિક રોકાણને આકર્ષવા એક નવી શરૂઆત થઈ. હવે ગુજરાતે ફરી એક પહેલ કરી છે અને એ છે રિજિયોનલ વાયબ્રન્ટ મીટ. રાજ્યમાં જુદા જુદા ઝોનમાં આવી મીટ યોજી સ્થાનિક ઉદ્યોગોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઈ જવા માટેનો આ પ્રયત્ન છે અને એક પ્રયોગ મહેસાણામાં સફળ થઈ ચૂક્યો છે અને હવે રાજકોટમાં થવા જઈ રહ્યો છે. એ વાત નોંધપાત્ર છે કે, આવો પ્રયોગ કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય છે. દેશમાં જ નહિ દુનિયામાં કોઈ દેશે આવો પ્રયોગ કર્યો નથી. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત રાજકીય રીતે અતિ જાગૃત છે પણ ઔદ્યોગિક વિકાસની વાત કરીએ તો એમાં આ બંને પ્રદેશો ગુજરાતના બાકીના ઝોન કરતાં પાછળ રહી ગયા અને એનાં કારણો પણ રાજકીય છે પણ રિજિયોનલ મીટની શરૂઆત થતાં હવે ગુજરાતના દરેક ઝોનમાં ઔદ્યોગિક વિકાસની જે શક્યતાઓ છે એ પરિણામ સુધી પહોંચાડી શકાય એવી સ્થિતિ ઊભી થશે.

અત્યાર સુધી વાઈબ્રન્ટ ગુજરાત મોટા ભાગે ગાંધીનગર કે મોટાં શહેરો અને મોટા ઉદ્યોગો સુધી સીમિત રહેતું હતું. ‘રિજિયોનલ વાઈબ્રન્ટ મીટ’નો મુખ્ય હેતુ વિકાસને ગુજરાતના ખૂણે-ખૂણે અને નાનાં શહેરો સુધી પહોંચાડવાનો છે. માત્ર મોટાં મહાનગરો જ નહીં પણ દરેક જિલ્લા અને પ્રદેશની ખાસિયત મુજબ ત્યાં ઉદ્યોગો સ્થપાય. નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પ્લેટફોર્મ પૂરું પાડવું. સ્થાનિક યુવાનોને તેમના જ જિલ્લા કે પ્રદેશમાં નોકરીની તકો મળી રહે અને આ મિટમાં જે-તે પ્રદેશની ભૌગોલિક અને સંસાધનોની સ્થિતિ મુજબ ઉદ્યોગો પર ધ્યાન આપવામાં આવે છે. સ્થાનિક ઉદ્યોગપતિઓ જેમને મોટા પાયે ગાંધીનગર સુધી પહોંચવું અઘરું લાગતું હતું, તેમને પોતાના આંગણે જ રોકાણની તક મળે છે. વળી કોઈ ચોક્કસ રીજીયનમાં આવી મીટ યોજાય છે, ત્યારે ત્યાંના રસ્તાઓ, વીજળી અને પાણી જેવી પાયાની સુવિધાઓમાં ઝડપી સુધારો આવે છે. રિજિયોનલ વાઈબ્રન્ટ મીટ એ “ગામડાથી ગ્લોબલ” બનવાની દિશામાં ગુજરાતનું એક મક્કમ ડગલું છે. આનાથી રાજ્યના સમતોલ આર્થિક વિકાસને નવી ગતિ મળી રહી છે.

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

**સોશ્યલ મીડિયા પર #JusticeForAnjelChakma ટ્રેન્ડ થઈ રહ્યો છે અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. આપણે ત્યાં કોમી હિંસાની સમસ્યા છે જ, એમાં આ બનાવે નવી સમસ્યા સર્જી છે. એને ગંભીરતાથી લેવાની જરૂર છે**

મહેસાણામાં યોજાયેલી રિજિયોનલ વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ ગયા વર્ષે યોજાઈ એમાં બે દિવસમાં ૧,૨૧૨ જેટલા સમજૂતી કરારો થયા હતા. એ થકી અંદાજે રૂ. ૩.૨૪ લાખ કરોડનું રોકાણ આવવાની શક્યતા છે. તેમાં ૭૦થી વધુ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જાપાન, વિયેતનામ અને દક્ષિણ કોરિયા જેવા દેશો આ મીટમાં પાર્ટનર નેશન્સ તરીકે જોડાયાં હતાં. રાજકોટમાં યોજાનારી રિજિયોનલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સૌરાષ્ટ્ર અને કચ્છના ઔદ્યોગિક ઈતિહાસમાં એક મોટો વળાંક સાબિત થશે. રાજકોટ હંમેશા સૌરાષ્ટ્રનું આર્થિક કેન્દ્ર રહ્યું છે, તેથી અહીં આ મીટ થવાથી સમગ્ર પ્રદેશને અનેક રીતે ફાયદો થશે. રાજકોટના મશીન ટુલ્સ અને ફોર્જિંગ ઉદ્યોગને આધુનિક ટેકનોલોજી અને નવા નિકાસ બજારો મળશે. મોરબીના ટાઈલ્સ ઉદ્યોગ માટે વૈશ્વિક સ્તરે નવા પાર્ટનર્સ મળવાની તક ઊભી થશે. જામનગરના બ્રાસ ઉદ્યોગને એમએસએમઈ સ્તરે નવી નીતિઓનો લાભ મળશે. સૌરાષ્ટ્ર પાસે વિશાળ દરિયાકાંઠો છે. આ સમિટમાં ફિશરીઝ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર અને કચ્છ રાજ્યનું ૮૦% માછલી ઉત્પાદન કરે છે.

ઉપરાંત સૌરાષ્ટ્ર હવે ગ્રીન એનર્જી અને સ્ટાર્ટઅપ હબ બનવા તરફ આગળ વધી શકે છે. આવી મોટી સમિટ થાય છે, ત્યારે સરકાર તરફથી પ્રદેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. રેલવે કનેક્ટિવિટી અને પોર્ટ લોજિસ્ટિક્સમાં સુધારો. રાજકોટમાં નવા ઈન્ટરનેશનલ એરપોર્ટના ઉપયોગથી બિઝનેસ ટ્રાવેલ વધશે. પર્યટન માટે ખાસ નીતિઓ અને રોકાણ આવશે. સ્થાનિક સ્તરે લાખો નવી નોકરીઓનું સર્જન થશે. રાજકોટમાં આ સમિટ મારવાડી યુનિવર્સિટી (મોરબી રોડ) ખાતે યોજાવાની છે, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજરી આપવાના છે અને વિયેતનામ અને દક્ષિણ કોરિયા પાર્ટનર બન્યાં છે. મહેસાણા કરતાં અહીં વધુ એમઓયુ થશે. ગુજરાત હંમેશા પોલીસી ડ્રિવન સ્ટેટ રહ્યું છે. જે રીતે ૨૦૦૩માં ‘વાઈબ્રન્ટ ગુજરાત’ એ આખા દેશ માટે એક મોડેલ બન્યું હતું, તેવી જ રીતે આ ‘રિજિયોનલ વાઈબ્રન્ટ’ વિચાર પણ ભવિષ્યમાં અન્ય રાજ્યો અને નાના દેશો માટે એક ઉદાહરણ બનશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## જન હિતમાં જારી

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી સૂર્યકાંત જણાવે છે કે દેશની ઉચ્ચ બંધારણીય કોર્ટ હોસ્પિટલની ઈમરજન્સી વોર્ડ ની સેવા જેવી જ છે. પ્રત્યેક નાગરિક પોતાના બંધારણીય અધિકાર, અભિવ્યક્તિ, વિચાર, વાણી સ્વાતંત્રની રક્ષા માટે અડધી રાત્રે પણ કોઈપણ ભેદભાવ વગર કોર્ટના દ્વાર ખખડાવી શકે છે. આવનારા દિવસોમાં ધાર્મિક સ્વાતંત્ર અને મહિલાઓના અધિકારને લગતા કેસો જેવા કે શબરી માલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ અંગે, મસ્જિદ અને પારસી અગિયારીમાં તથા દાઉદી બોહરા સમાજમાં મહિલાઓના પ્રવેશ અને પ્રેક્ટિસ અંગેના કેસની સુનવણી માટે નવ જજોની ખંડપીઠ રચીને કેસનો કાયદેસર ઉપાય નિર્ણય ન્યાય કરશે, જે આગામી સમયમાં ભારતીય મહિલા સમુદાય અને વિશ્વસ્તરે ભારતીય નારીનું વૈધાનિક ,સંવિધાનિક, સામાજિક, રાજકીય, અને વિચાર વાણી અભિવ્યક્તિના સ્વાતંત્રનું ભાવિ સુનિશ્ચિત કરશે. કુલ 146 કરોડની વસ્તીના અંદાજે 48.4 ટકા એટલે કે 70 કરોડ વસ્તી માતૃશક્તિ વાળું ભારત છે, કોઈપણ ધર્મ કે જ્ઞાતિની હોય માતૃશક્તિ એ દેશની કરોડરજ્જુ છે. કાયદો, વ્યવસ્થા, શિક્ષણ, મેડિકલ, નોકરી, વ્યવસાય, રાજકારણ, સેવા, સંસ્કૃતિ કલા, સાહિત્ય, અભિનય, સંશોધન, કે લીડર શીપ દરેક ક્ષેત્રે મહિલા શક્તિને સમાન તકની હિમાયત એ ભારતીય બંધારણનું જતન છે.

**નવસારી - રાજન જોશી**

## સાચુ નવું વર્ષ કયુ ?

દરેક ધર્મમાં નવા વર્ષની શરૂઆત જુદા જુદા સમયે થતી હોય છે. તે બધામાં સર્વ માન્ય નવુ વર્ષ કયું? એવુ કોઈ મને પૂછે તો હું સ્પષ્ટપણે માનુ છું કે 1 જાન્યુઆરી. કેમ? તમારે ક્યાંય પણ જવુ હોય, શાળા - કોલેજમાં એડમિશન જોઈતું હોય, નોકરી જોઈતી હોય તો તેમા તારીખ જ કામ લાગે, તિથિ નહી. બીજું દર ચાર વર્ષે એક લીપ વર્ષ આવે જેમા ફેબ્રુઆરીના 29 દિવસ હોય. આમા ક્યારેય કોઈ બદલાવ આવે નહી. આપણું નવુ વર્ષ કારતક સુદ પડવાથી શરૂ થાય પણ તે દરેક વર્ષે બદલાયા કરે. અન્ય ધર્મોમાં પણ તેવું થાય. નવું વર્ષ દર વર્ષે 1 જાન્યુઆરીએ જ ચાલુ થાય. બાળકના જન્મ પછી થોડા સમય બાદ તેના માબાપને પૂછવામાં આવે છે કે જન્મ તારીખનો દાખલો કઢાવ્યો કે નહીં? કારણ કે આખી જીંદગી તે બાળકના જીવનમાં જન્મતારીખનું જ મહત્વ રહેવાનું છે. ક્યારેક કોઈ ઉંમર પૂછે તો ઉંમરની ગણતરી કઈ તારીખે જન્મ થયેલો તે ઉપરથી થાય. નાતાલના તહેવારની ઉજવણી દર વર્ષે 25 ડિસેમ્બરે જ થાય, એક દિવસ આગળ નહી કે એક દિવસ પાછળ નહી. ટૂંકમાં જો સાચુ નવુ વર્ષ કયું તો ઉપર જણાવેલી હકીકતો ઉપરથી સ્પષ્ટપણે માનવું પડે કે 1 જાન્યુઆરીથી નવુ વર્ષ શરૂ થાય.

**નાનપુરા, સુરત- સુરેન્દ્ર દલાલ**

## સુવિધાકેન્દ્ર કે અસુવિધા કેન્દ્ર!

ગત 30 / 12 ના રોજ પાલનપુર કેનાલરોડ ખાતે મારું અને મારી પત્નીનું સિનીયર સિટીઝન કાર્ડ મેળવવા માટે અમે ગયાં હતાં. ભોંયતળિયે આવેલા કેન્દ્રમાં કુલ સાત કાઉન્ટરો છે. તે પૈકી માત્ર પ્રથમ કાઉન્ટર જ ચાલુ હતું, બાકીનાં છ કાઉન્ટરો બંધ હતાં. આ એક ચાલુ કાઉન્ટર ઉપર વ્યકિતઓ જુદીજુદી કામગીરીઓ માટે લાઈનમાં ઊભી હતી. મારી પત્નીએ કાઉન્ટર ઉપર જઈ કલાર્ક પાસે, અરજી ફોર્મ માંગ્યુ તો કલાર્ક મહાશયે ઊંચા અવાજે કહ્યું: ‘‘બધા ડોક્યુમેન્ટર લાવ્યા છો? ખબર છે ને ફોર્મ સાથે શું આપવાનું છે? ઓનલાઈન પણ અરજી થાય છે તો જાતે કેમ આવ્યા? ’’ મારી પત્ની ત્યાંથી ખસી ગઈ અને મેં કેન્દ્રની વીડિયોગ્રાફી શરૂ કરી. આ જોઈ કલાર્ક મહાશય ઠંડા પડયા ને મને ફોર્મ આપ્યું. મેં અન્ય નાગરિકો સાથે એક કલાક લાઈનમાં ઊભા રહી, ફોર્મ આપી, રસીદ મેળવી. અહીં કેટલાક પ્રશ્નો : (1) જે ઉધ્ધતાઈભર્યું વર્તન કરી, તોછડી ભાષા વાપરી તે યોગ્ય હતી? શું બધા સીનીયર સિટીઝનો પાસે ‘‘ સ્માર્ટફોન ’’ હોય છે? (3) સીનીયર સીટીઝનો માટે કોઈ અલગ કાઉન્ટરની વ્યવસ્થા કેમ નથી? (4) શક્ય છે એક જ કલાર્ક હોઈ, કામગીરીના બોજને લીધે દબાણ હેઠળ એણે આવું વર્તન કર્યું હોય તો બીજાં કાઉન્ટરો કેમ ખોલાતાં નથી?

**સુરત - ભાર્ગવ પંડ્યા**

## પૂનમ પોષીને, ઠંડી થાય ડોશી

દિવાળી જાય એટલે શિયાળાનો પ્રારંભ થાય અને પોષ મહિનો આવતાં ઠંડીનું પ્રમાણ ઘટવા માંડે. કારતક મહિનામાં ઠંડી પડે એટલે સ્વેટર જેકેટ કબાટમાંથી બહાર કાઢવાં પડે. ઓઢવા માટે રજાઈ બ્લેન્કેટની જરૂરિયાત ઊભી થાય. માગશર મહિનામાં ઠંડીનો પારો એકદમ ઊતરી જાય. પહેલાંના સમયમાં સુરતમાં શિયાળામાં મળસ્કે બહાર નીકળી શકાય નહીં એવી ઠંડી પડતી અને મોઢામાંથી ધુમાડા નીકળે. રાત્રે ઠંડીથી બચવા સુરતીઓ તાપણું કરતાં જોવા મળે. શિયાળામાં રાત્રે અને વહેલી સવારે ટ્રેનના વિસલ સંભળાય. શિયાળામાં શાળાનો સમય બદલાય. દિવસ ટૂંકો અને રાત લાંબી, સવારે સાત વાગ્યા પછી અજવાળું થાય. સુરત શહેર નાનું હતું અને વસ્તી ઓછી હતી. પ્રદૂષણમુક્ત વાતાવરણ હતું. સાત્ત્વિક ખોરાક હતો. સુરતીઓ ઋતુની મજા મન મૂકીને માનતા હતા. આજે ગ્લોબલ વોર્મિંગના કારણે ઉનાળામાં ગરમી વધી છે અને શિયાળામાં ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. આ વર્ષે જોઈએ એવી ઠંડી પડી નથી ને ત્યાં તો અંબા માતાનો પ્રાગટ્ય દિવસ પોષી પૂનમ પણ આવી ગઈ. વિકાસના વંટોળમાં ઋતુચક્ર બદલાયું છે પરિણામે વર્તમાન સમયમાં ‘પૂનમ પોષી એ ઠંડી ડોશી’ ઉક્તિ ખોટી પડે!

**સલાબતપુરા, સુરત - કિરીટ મેઘાવાલા**

## પર્યાવરણ, જીવસૃષ્ટિ વનસ્પતિને થનાર નુકસાન

દેશની સર્વોચ્ચ અદાલતે ગત 20 નવે. ના રોજ અરવલ્લી હારમાળા વિશે જાહેર કરેલા ચુકાદાથી પર્યાવરણપ્રેમીઓ, ખેડૂતો તથા રાજકીય પક્ષોમાં ખળભળાટ મચી ગયો છે અને દેશભરમાં તેનો વિરોધ થયો છે. અરવલ્લી પર્વત હારમાળા અબજો વર્ષ જૂની હોવાનું કહેવાય છે. સાબરમતી તથા મેવો નદીઓ ત્યાંથી નીકળે છે. વરસાદનાં ભૂર્ગભ જળ રીચાર્જ થાય છે. રણ આગળ વધતું અટકાવે છે. પક્ષીઓનું તે આશ્રયસ્થાન છે. ખેડૂતોની તે જીવાદોરી છે. એમ સર્વત્ર ચર્ચાઈ રહ્યું છે કે પર્વત હારમાળા હેઠળ રહેલ ખનિજ પદાર્થો ખોદી કાઢવાનો પરવાનો મહાલય કંપનીઓને અપાશે. જો આ સત્ય હોય, તો આવતી પેઢીને અનેક અને અમાપ નુકસાન સહન કરવાનો વારો આવશે. જેસોર અભ્યારણ, ચિત્રારાણી અભ્યારણમાં વસતા દીપડા, રીંછની પ્રજાતિ માટે હવે ત્યાં રહેવાનું શક્ય બનશે નહીં. ઈડરિયા ગઢની હાલત ખરાબ થશે. તા. 21-12 ના રોજ જયપુરમાં 5 લાખ લોકોએ વિરોધ પ્રદર્શન કરેલ હોવાનું કહેવાય છે. વ્યાપક વિરોધ લક્ષમાં લઈ, સરકારે જો એમ ધારેલ હોય તો આવી મંથૂરા - પરવાનો આપવાથી દૂર રહેવું જોઈએ.

**બનાસકાંઠા- અશ્વિનકુમાર ન. કારીઆ**

## સમાજ ઉપયોગી ઉત્પાદન કાર્ય આજના સમયમાં

ઉપરોક્ત વિષય આપણે દરેક વિદ્યાર્થી કાળમાં શીખ્યા છીએ. જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થી કોઈક વિશેષ આવડતને વિકસાવી ને સમાજ ઉપયોગી કાર્ય કરી શકે. આ અનુસંધાન આજના સમયમાં આપણે સહુ એ અપનાવવા જેવો છે. કેવી રીતે? ટ્રાફિકમાં હોર્ન ન વગાડવો, સિગ્નલ ન મળે ત્યાં સુધીજવાની ઉતાવળ કરવી નહી. જરૂર પડે તો પગપાળા ચાલીને જવું. બિનજરૂરી પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો. ગાડી હંમેશા સ્ટેટસ માટે નહીં પરંતુ જરૂરી હોય તે પ્રમાણે જ વાપરવી. લગ્નમાં બિનજરૂરી ખર્ચા ન કરવા. પ્રસંગોમાં યોજાતા જમણવારમાં થાળીમાં જોઈતી જ વાનગી લેવી. પોતાની કોઈ એક આવડત ચોક્કસ કેળવવી. ચિંતામાં વ્યસનના નહી પરંતુ માનસિક કસરત પર વધુ ધ્યાન આપવું. પાકૃતિક સંસાધનનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો. આજીવિકા માટે જેમના માટે કામ કરીએ છીએ ત્યાં વિવેક અને પ્રમાણિકતા પૂર્વક કામ કરવું. ટીપેટીપે સરોવર ભરાય તેમ એક એક સારી ટેવો અપનાવીને નાગરિક ધર્મનું પાલન કરવું.

**સુરત - સીમા પરીખ**